Monday
24.06.2024
*Volume :8 * Issue No.334
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)




ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva

*Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04* Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં પૂર વ્યવસ્થાપનની સજ્જતાની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી

**કેન્દ્રીય જળ આયોગનાં પૂર પર નજર રાખવાનાં કેન્દ્રો આપણી જરૂરિયાતો અને આંતરરાષ્ટ્રીય ધારાધોરણોને અનુરૂપ હોવાં જોઈએ – ગૃહ મંત્રી**

## ગૃહમંત્રીએ એનડીએમએ અને જલ શક્તિ મંત્રાલયને સિક્કિમ અને મણિપુરમાં પૂર પર વિસ્તૃત અભ્યાસ કરવા અને ગૃહ મંત્રાલયને રિપોર્ટ સુપરત કરવા સૂચના આપી

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે નવી દિલ્હીમાં પૂર વ્યવસ્થાપનની સજ્જતાની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રીએ દેશમાં પૂરના વિષચક્રને ઓછું કરવા માટે એક વ્યાપક અને દૂરગામી નીતિ ઘડવા માટે લાંબા ગાળાના પગલાંની પણ સમીક્ષા કરી હતી. બેઠક દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રીએ ગયા વર્ષે યોજાયેલી બેઠકમાં લેવાયેલા નિર્ણયો પર થયેલી કાર્યવાહીની પણ સમીક્ષા કરી હતી. આ સાથે તમામ એજન્સીઓ દ્વારા અપનાવવામાં આવી રહેલી નવી ટેકનોલોજી અને પૂર વ્યવસ્થાપન માટે તેમના નેટવર્કના વિસ્તરણ અંગે પણ બેઠક દરમિયાન ચર્ચા કરવામાં આવી હતી. શ્રી અમિત શાહે ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ (જીએલઓએફ) સાથે કામ પાર પાડવાની તૈયારીઓની પણ સમીક્ષા કરી હતી. તેમણે પૂર અને જળ વ્યવસ્થાપન માટે વિવિધ એજન્સીઓ દ્વારા ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) દ્વારા પ્રદાન કરવામાં આવેલી સેટેલાઈટ ઈમેજના મહત્તમ ઉપયોગ પર પણ ભાર મૂક્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતનું આપત્તિ વ્યવસ્થાપન 'ઝીરો કેઝ્યુઅલ્ટી એપ્રોચ' સાથે આગેકૂચ કરી રહ્યું છે. ગૃહ પ્રધાને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અપીલ કરી હતી કે તેઓ પૂર વ્યવસ્થાપન માટે એનડીએમએ દ્વારા જારી કરવામાં આવેલી સલાહોનો સમયસર અમલ કરે. તેમણે ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) અને સેન્ટ્રલ વોટર કમિશન (સીડબ્લ્યુસી)ને પૂરની આગાહીમાં ઉપયોગમાં લેવાતા તમામ ઉપકરણોને વહેલી તકે ફરીથી કેલિબ્રેટ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો. શ્રી શાહે સંબંધિત વિભાગોને સિક્કિમ અને મણિપુરમાં તાજેતરમાં આવેલાં પૂરનો વિસ્તૃત અભ્યાસ કરવા તથા ગૃહ મંત્રાલય (એમએચએ)ને રિપોર્ટ સુપરત કરવાની સૂચના આપી હતી. તેમણે તમામ મોટા ડેમોના પૂરના દરવાજા સારી સ્થિતિમાં છે તેની ખાતરી કરવા પણ નિર્દેશ આપ્યો. શ્રી શાહે જણાવ્યું હતું કે, સીડબ્લ્યુસીનાં પૂર પર નજર રાખવાનાં કેન્દ્રો આપણી જરૂરિયાતો અને આંતરરાષ્ટ્રીય ધારાધોરણોને અનુરૂપ હોવાં જોઈએ. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, બારમાસી નદીઓમાં જમીનનું ધોવાણ અને કાદવ-કીચડનું જોખમ વધારે છે, જેના પરિણામે પૂર આવે છે. તેમણે નિર્દેશ આપ્યો કે વધુ સારા પૂર વ્યવસ્થાપન માટે નદીઓના જળસ્તરની આગાહી પ્રણાલીને અપગ્રેડ કરવાના પ્રયત્નો કરવા જોઈએ. શ્રી શાહે જણાવ્યું હતું કે, પૂરની સ્થિતિમાં માર્ગોમાં પાણી ભરાઈ જાય તે માટે માર્ગ નિર્માણની ડિઝાઈનમાં કુદરતી ગટર વ્યવસ્થા અભિન્ન અંગ હોવું જોઈએ. શ્રી શાહે જણાવ્યું હતું કે, પૂર્વોત્તરમાં ઓછામાં ઓછા ૫૦ મોટા તળાવોનું નિર્માણ થવું જોઈએ, જેથી બ્રહ્મપુત્રા નદીનું પાણી અન્યત્ર વાળી શકાય અને તેને તળાવોમાં સંગ્રહિત કરી શકાય. તેમણે જણાવ્યું હતું કે, તેનાથી આ વિસ્તારોમાં ઓછા ખર્ચે કૃષિ,



**બ્રહ્મપુત્રા નદીના પાણીને વાળવા માટે પૂર્વોત્તરમાં ઓછામાં ઓછા ૫૦ મોટા તળાવો બાંધવા જોઈએ, તેનાથી પૂરને પહોંચી વળવા અને કૃષિ, સિંચાઈ અને પર્યટનના વિકાસમાં મદદ મળશે**

સિંચાઈ અને પ્રવાસન વિકસાવવામાં મદદ મળશે તથા પૂરનો સામનો કરવામાં પણ મદદ મળશે અને આખરે સ્થાનિક અર્થતંત્રને પણ લાભ થશે. શ્રી અમિત શાહે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (એનડીએમએ) અને પર્યાવરણ, વન અને આબોહવામાં પરિવર્તન મંત્રાલય (એમઓઈએફસીસી)ને જંગલોમાં આગ લાગવાની ઘટનાઓને અટકાવવા ઉચિત સાવચેતીના પગલાં લેવાની સૂચના આપી હતી. આ માટે ગૃહમંત્રીએ નિયમિતપણે ફાયર લાઈન બનાવવા, સૂકા પાંદડા દૂર કરવા અને સ્થાનિક રહેવાસીઓ અને વન કર્મચારીઓ સાથે સમયાંતરે મોકડ્રીલ હાથ ધરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ સાથે તેમણે એક જ સ્થળે વારંવાર જંગલમાં આગ લાગવાની ઘટનાઓનું વિશ્લેષણ કરવા પણ જણાવ્યું હતું. ગૃહ પ્રધાને એનડીએમએને જંગલમાં લાગેલી આગની ઘટનાઓ સાથે વ્યવહાર કરવા માટે વિગતવાર મેન્યુઅલ તૈયાર કરવા પણ જણાવ્યું હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાને નિર્દેશ આપ્યો હતો કે વીજળી ત્રાટકવા અંગે આઈએમડીની ચેતવણીઓ એસએમએસ, ટીવી, એફએમ રેડિયો અને અન્ય માધ્યમો દ્વારા સમયસર લોકો સુધી પહોંચાડવી જોઈએ. તેમણે વિવિધ વિભાગો દ્વારા વિકસાવવામાં આવેલી હવામાન, વરસાદ અને પૂરની ચેતવણી સાથે સંબંધિત એપ્સને સંકલિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેથી લક્ષિત વસતિ સુધી તેનો લાભ પહોંચી શકે. શ્રી શાહે નિર્દેશ આપ્યો હતો કે, પૂર સહિતની કોઈ પણ આપત્તિના સમયે આ સમુદાય પ્રથમ પ્રતિભાવ આપનાર હોવાથી, તેથી વિવિધ એજન્સીઓ દ્વારા ચલાવવામાં આવતા સામુદાયિક જાગૃતિ કાર્યક્રમોમાં સંકલન અને સંકલન હોવું જોઈએ, જેથી તેની મહત્તમ અસર થઈ શકે. બેઠક દરમિયાન આઈએમડી, સીડબ્લ્યુસી, એનડીઆરએફ અને એનડીએમએએ વિસ્તૃત પ્રેઝન્ટેશન કર્યું હતું. સંબંધિત વિભાગોએ ગયા વર્ષે યોજાયેલી પૂર સમીક્ષા બેઠક દરમિયાન કેન્દ્રીય ગૃહપ્રધાન દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ પર લેવામાં આવેલી કાર્યવાહી વિશે પણ માહિતી આપી હતી. તેઓએ વર્તમાન ચોમાસાની ઋતુ અને ભાવિ ક્રિયા યોજના માટેની તેમની તૈયારી વિશે પણ માહિતગાર કર્યા. કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી નિત્યાનંદ રાય, કેન્દ્રીય ગૃહ સચિવ, મંત્રાલયો અને નદીઓના વિકાસ અને ગંગાજીર્ણોદ્ધાર, પૃથ્વી વિજ્ઞાન, પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન, માર્ગ પરિવહન અને રાજમાર્ગ, અધ્યક્ષ રેલવે બોર્ડ, એનડીએમએના સભ્યો અને વિભાગોના વડાઓ, એનડીઆરએફ અને આઈએમડીના ડાયરેક્ટર જનરલ, આ બેઠકમાં એનએચએઆઈના અધ્યક્ષ અને સીડબ્લ્યુસી સહિતના અન્ય સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ગૃહ મંત્રીએ નિયમિતપણે ફાયર લાઇન બનાવવાની, સૂકા પાંદડા દૂર કરવાની અને સ્થાનિક લોકો અને વન કર્મચારીઓ સાથે મોકડ્રીલ યોજવાની જરૂરિયાત પર ભાર મૂક્યો**

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે 'મેસેન્જર્સ ઓન સાઈકલ' રેલીને પ્રસ્થાન કરાવ્યું

**હેલન કેલરના ૧૪૪મા જન્મદિવસ નિમિત્તે દિવ્યાંગોના સમર્થનમાં ચેરિટી રાઈડનું આયોજન**







**દિવ્યાંગો, સાઇકલિસ્ટ અને રનર્સ દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા સતત દસમા વર્ષે સહભાગી બન્યા**

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના એચ. એલ. કોલેજ ઑફ કૉમરસ કેમ્પસ ખાતેથી 'મેસેન્જર્સ ઓન સાઈકલ' રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. હેલન કેલરના ૧૪૪મા જન્મદિવસ નિમિત્તે દિવ્યાંગોના સમર્થનમાં ચેરિટી રાઈડનું આયોજન સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા નામની સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. 'મેસેન્જર્સ ઓન સાઈકલ'નું આયોજન દસમી વખત થયું, જેમાં દિવ્યાંગોનો જુસ્સો વધારવા માટે સાઈકલીસ્ટસ અને રનર્સ મોટી સંખ્યામાં હોંશેહોંશે જોડાયા હતા. આ ઉપરાંત સામાન્ય લોકોને ડેફબ્લાઈન્ડનેસનો અનુભવ કરાવી જાગૃતિ વધારવા માટે અહીં ખાસ ડેફબ્લાઈન્ડનેસ ઝોન પણ બનાવાયો હતો. આ રેલીમાં સાઈકલિસ્ટ માટે ૧૫ કિલોમીટર અને દોડવીરો માટે પાંચ કિલોમીટરનો રૂટ નિર્ધારિત કરવામાં આવ્યો હતો. સમગ્ર રૂટ પર પાણી, હાઈડ્રેશન તથા મેડિકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડિફબલાઈન્ડનેસ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતી સંસ્થા સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ અવસરે વિવિધ સંસ્થાઓના સ્વયંસેવકો અને મોટી સંખ્યામાં સ્વાસ્થ્યપ્રેમી નાગરિકો રેલીમાં સામેલ થયા હતા.

# રાજયવ્યાપી પલ્સ પોલિયો અભિયાનનો ગાંધીનગરથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો

**'બાળ લકવા નાબૂદી અભિયાન-૨૦૨૪' અન્વયે રાજ્યના ૦ થી ૫ વર્ષના ૮૩.૭૨ લાખ ભૂલકાઓને ટીપાં પીવડાવાશે**









## ૨૪ અને ૨૫ જૂન દરમિયાન હાઉસ ટુ હાઉસ ફરીને આરોગ્ય કર્મીઓ ટીપાં પીવડાવશે

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે 'બાળલકવા નાબૂદી અભિયાન-૨૦૨૪' અન્વયે નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે ૨૩ જૂન ૨૦૨૪ અંતર્ગત રાજ્યવ્યાપી પોલિયો વિરોધી રસીકરણનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આ અભિયાન અંતર્ગત ૦ થી ૫ વર્ષની વય જૂથના ૮૩ લાખ ૭૨ હજારથી વધુ ભૂલકાઓને આવરી લેવાનું આયોજન છે. આ હેતુસર ૧ લાખ ૩૩ હજાર ૯૫૬ આરોગ્ય કર્મીઓ સેવારત રહીને રાજ્યના ૩૩,૪૮૯ પોલિયો બુથ પરથી બાળકોને ટીપાં પીવડાવવાની કામગીરીમાં જોડાશે. સમગ્ર રાજ્યમાં ૨૩ જૂન ૨૦૨૪ના રવિવારને પોલિયો રવિવાર તરીકે મનાવીને આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તારીખ ૨૪ અને ૨૫ જૂનના દિવસોએ આરોગ્ય કર્મીઓ હાઉસ ટુ હાઉસ ફરીને ૦ થી ૫ વર્ષના ભૂલકાઓને પોલિયો ટીપાં પીવડાવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મંત્રી નિવાસસંકુલના કોમ્યુનિટી સેન્ટરમાં ભૂલકાઓને પોલિયો રસીના ટીપાં પીવડાવી આ અભિયાનનો પ્રતિકાત્મક પ્રારંભ કરાવ્યો હતો. ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાંબહેન પટેલ, આરોગ્ય અગ્રસચિવ શ્રી ધનંજય દ્વિવેદી અને ભૂલકાઓના માતા-પિતા તેમજ આરોગ્ય અધિકારીઓ આવેળાએ ઉપસ્થિત રહ્યા હતાં.

## તંત્રી સ્થાનેથી......

પોલિયો મુક્ત ભારત અભિયાન અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.ડી.વસાવાએ મહુધા તાલુકાના સિંઘાલી ગ્રામ પંચાયત ખાતે પોલીયો રસી કાર્યક્રમનો રીબન કાપીને શુભારંભ કરાવ્યો હતો. જિલ્લા વિકાસઅધિકારીશ્રીએ બાળકોને પોલીયો રસીપીવડાવી ચોકલેટ આપી હતી. વધુમાં, જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સિંઘાલી ગ્રામ પંચાયતની આરોગ્ય વિભાગ, આંગણવાડી અને ગ્રામ પંચાયતની કામગીરીની વ્યવસ્થાઓ અંગે માહિતિ મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. નોંધનીય છે તા.૨૫ જૂન સુધીમાં સિંઘાલી ગ્રામ પંચાયતની કુલ ૨૯૫૬વસ્તીના કુલ૩૮૫ બાળકોને પોલીયો રસીપીવડાવવામાં આવશે. આ પ્રસંગેજિલ્લા આરોગ્ય અધિકારીશ્રી વી.એસ.ધુવે, આરોગ્ય સ્ટાફ, આંગણવાડી બહેનો અને પોલીયો રસી માટે આવેલ વાલીઓ તેમના બાળકો સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# નવોન્મેષ સંશોધનમાં ગુજરાતની હરણફાળ, છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતના સંશોધકોના નામે થઈ ૯૫૨ પેટન્ટ

### ૨૦૨૦થી ૨૦૨૩ દરમિયાન અમદાવાદના ૩૭૨ અને વડોદરાના ૧૪૬ વૈજ્ઞાનિકો, ઇજનેરોને તેમના સંશોધનની મળી પેટન્ટ



### સ્ટાર્ટઅપ, યુનિવર્સિટીઝમાં નવતર સંશોધન પોષક વાતાવરણને પરિણામે ગુજરાતમાંથી પેટન્ટ મેળવવાનું પ્રમાણ વધ્યું

કમલમ્ ન્યુઝ,

ગુજરાતમાં કાર્યરત વિવિધ કેન્દ્રીય અને રાજ્ય સરકારની સંશોધન સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલયોમાં નવોન્મેષ સંશોધનોને પોષક વાતાવરણની ફળશ્રુતિરૂપે છેલ્લા ચાર જ વર્ષમાં ૯૫૨ પેટન્ટ ગુજરાતના સંશોધકોને મળી છે. પેટન્ટ મેળવવામાં અમદાવાદ અને તેબાદ વડોદરાના સંશોધકો અગ્રિમ છે. પેટન્ટ વિશે તો સૌને ખબર જ હશે, પણ તેની આછેરી ઝલક મેળવીલેવી જોઈએ. વૈજ્ઞાનિકો, ઈજનેરો કે રચનાત્મક કૌશલ્ય ધરાવતા પોતાની આકરી મહેનત અને બુદ્ધિથી જે નવતર સંશોધન કરે તેના ઉપર સરકાર દ્વારા કાયદાથીસંરક્ષિત એકાધિકાર આપવામાંઆવે છે. આવી પેટન્ટને તેના સંશોધકની મંજૂરી વિના ઉપયોગ કરી શકાતી નથી. આવા સંશોધનના અનાધિકૃત ઉપયોગ સામે કાયદાકીય રક્ષણ આપવામાં આવેછે. ગુજરાતમાંછેલ્લા કેટલાક વર્ષોમાં કાર્યરત થયેલા સ્ટાર્ટઅપ, વિશ્વવિદ્યાલયોમાં સંશોધન પ્રવૃત્તિ માટે વિશેષ અનુદાનો ઉપરાંત પીએમ ફેલોશીપ જેવા સરકાર પ્રેરિત યોજનાઓ અને સંસ્થાકીય મદદને કારણે વિવિધ ક્ષેત્રમાં સંશોધનોકરી તેનીપેટન્ટ મેળવવાનું પ્રમાણ પણ વધ્યું છે. આ બાબતને નાગરિકોની બુદ્ધિક્ષમતાના માપદંડ સાથે પણ સાંકળવામાંઆવેછે. કોઈ વિશ્વવિદ્યાલયે કેટલીપેટન્ટ મેળવી ? તેને પણ તે સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તાનો જાગતિક માપદંડ છે. વડોદરાના સંશોધકોને મળેલી પેટન્ટનો આંક જોઈએ તો વર્ષ ૨૦૨૦માં ૬૨, ૨૦૨૧માં ૪૪, ૨૦૨૨માં ૩૬, ૨૦૨૩માં ૪ પેટન્ટ મળી છે. એ જ પ્રકારે અમદાવાદમાં વર્ષ ૨૦૨૦માં ૧૨૨, ૨૦૨૧માં ૧૧૩, ૨૦૨૨માં ૧૧૭, ૨૦૨૩માં ૨૦ પેટન્ટ સંશોધકોને આપવામાં આવી છે. સમગ્રતયા ગુજરાતમાં વર્ષ ૨૦૨૦થી ૨૦૨૩ દરમિયાન નોંધાયેલી પેટન્ટની સંખ્યા જોઈએ તો અનુક્રમે ૨૬૬, ૨૩૭, ૨૦૦ અને ૪૯ પેટન્ટ આપવામાં આવી છે. આ ચાર વર્ષમાં ગુજરાતના કુલ ૯૫૨ સંશોધનોને પેટન્ટ મળી છે. મજાની વાત તો એ છે કે, પેટન્ટ માત્ર મહાનગરોમાંથી નોંધાય છે એવું નથી. તમને જાણીને આશ્ચર્યથશે કે આદિવાસી બાહુલ જિલ્લા પંચમહાલના શહેરા તાલુકાના ભેસલ ગામના સોમાભાઇ ધૂળાભાઇ પરમાર જેના અદના આદમીના નામે પણ પશુ સારવાર માટેની પ્રક્રીયા અંગેની પેટન્ટ નોંધાઈ છે.

ગુજરાતમાંરસાયણ, દવા, મિકેનિલ એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ ટેક્સટાઈલ્સ, કોમ્પ્યુટર સાયન્સ જેવા ક્ષેત્રોમાં બહુધા સંશોધનો થઈ રહ્યા છે. આ ચાર વર્ષ દરમિયાન થયેલા સંશોધનમાં ટ્રાન્સપરન્ટ સ્માર્ટ ફોન વીથ ઓપેક મોડ પણ છે. આ ઉપરાંત સેન્સર ડ્રિવન રેડ સિગ્નલયુઝિંગ કેમેરા, ક્રાઈમ સિન મેનેજમેન્ટ બાય રોવર રોબોટ, એઆઈ થકી મોટા ડેટાનું વિશ્લેષણ કરીહાર્ટ એટેકની શક્યતા દર્શાવવા માટે પાયથન બેઝ કામ, સોફ્ટવેર ટેસ્ટિંગ માટે એઆઈ, સોલાર પેનલ સફાઈ માટે રોબોટ, વેસ્ટ મેનેજમેન્ટ, ઈન્ટરેક્ટિવ સ્માર્ટ મિરર, ઈવી ચાર્જીંગના સમયે કેટલી બેટરીનો ઉપયોગ કરે છે, તે દર્શાવતું યંત્ર સહિતના સંશોધનો ધ્યાન આકર્ષેછે. ઈલેક્ટ્રીકલ અને મિકેનિકલ ક્ષેત્રના સંશોધનોમાં મશીનોનું સંચાલન સરળ બનાવતી પ્રક્રીયાઓ સહિતની બાબતો મુખ્ય છે. આ ઉપરાંત રાસાયણિક પ્રક્રિયામાં નાવીન્ય પદ્ધતિના આવિષ્કાર પણ થયા છે., આમ, ગુજરાતના સંશોધકો દ્વારા થતાં સંશોધનો અને તેને મળતી પેટન્ટ જ્ઞાનશક્તિનીપરિચાયક છે.

## ડાંગ કલેક્ટરશ્રીએ પણ પોલિયો બુથની મુલાકાત લીધી



કમલમ્ન્યુઝ,અમરનાથજગતાપ

પોલિયો રવિવારની ચાલી રહેલી ત્રિદિવસિય ઉજવણીમાં ભાગ લેતા, ડાંગકલેકટર શ્રી મહેશ પટેલે પણ, પોલિયો બુથની મુલાકાત લીધી હતી. ડાંગ જિલ્લાના ગલકુંડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કાર્ય વિસ્તારમાં આવેલા ગલકુંડ-૧ આંગણવાડી કેન્દ્ર ખાતે ચાલી રહેલી પોલિયોની કામગીરી કલેક્ટરશ્રીએ પ્રત્યક્ષ નિહાળી હતી.

## ડૉ શ્યામા પ્રસાદ મુખરજી ને શ્રદ્ધા સુમન સેકટર ૧૪ ખાતે કરવામાં આવ્યા



કમલમ્ ન્યુઝ,

ભારતીય જન સંઘ ના સંસ્થાપક, ભારત ના વિકાશ માં સિંહ ફાળો આપનાર ડૉશ્યામા પ્રસાદ મુખરજી ને સેક્ટર ૧૪ વોર્ડ નંબર ૬ બીજેપી ના કાર્યકર મનુ ભાઈ પારેખ ના ઘેર શ્રદ્ધાંજલિ આપવા માટે કાર્યક્રમ યોજાયો હતો જેમાં શ્રી વિક્રમ ભાઈ દેસાઈ, ડૉ ગુલાબ ચંદ પટેલ, કાંતિભાઈપટેલ એડવોકેટ, તુષાગ પારેખ એડવોકેટ, ગિરીશભાઈ પંડયા, નિમિશા બેન પંડયા પ્રજાપતિ ભાઈ, આશીષ ભાઈ વિગેરે મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને ડૉ શ્યામા પ્રસાદ મુખરજી કે જેઓના અસ્થિ લંડન ની બેંક માં જમા કરવા માટે પોતે બેંક માં વ્યવસ્થા કરવા વ્યવસ્થા કરી હતી અને આઝાદી ના ઘણા વર્ષો વીતી ગયા પછી ગુજરાત ના મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી એ ભારત લાવવા માટે વ્યવસ્થા કરી હતી. આ મહાન વ્યક્તિત્વ કે જેઓએ આઝાદી ની લડાઈમાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો હતો તેઓને શત શત વંદન

## પલ્સ પોલિયો રાષ્ટ્રીય રસીકરણ દિવસ રાઉન્ડ અંતર્ગત અરવલ્લીના માલપુર તાલુકા ખાતે બાળકોને પોલિયોની રસીથી બાળકોને રક્ષિત કરાયા



કમલમ્ન્યુઝ,ધાર્મિક ભટ્ટ

ભારત સરકારના ઈન્ટેન્સીફાઈડ પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમની માર્ગદર્શીકા અને ગુજરાત સરકારના માર્ગદર્શન મુજબ તા. ૨૩.૦૬.૨૦૨૪ને રવીવારના રોજ રાષ્ટ્રીય પલ્સ પોલિયો રાઉન્ડની કામગીરીમાલપુર તાલુકા ખાતે હાથ ઘરવામાં આવી હતી. માલપુર તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર માલપુર ખાતેથી પ્રમુખશ્રી તાલુકા પંચાયત માલપુર ના હસ્તે તાલુકા આરોગ્ય અધિકારશ્રી માલપુર, અધીક્ષકશ્રી સામૂહિક આરોગ્ય કેન્દ્ર માલપુર, મેડીકલ ઓફિસરશ્રી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જિતપુર તેમજ આરોગ્યનો સ્ટાફની હાજરી હેઠળ અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ માલપુર તાલુકાના બાળકોને પોલિયો રસીના બે ટીપા બાળકોને પીવડાવી રસીકરણ બુથ ખુલ્લુ મુક્વામાંઆવ્યું હતું તેમજ માલપુર તાલુકાનાવિવિધ પોલિયોબુથ ખાતે અન્ય પદાધિકરિશ્રીઓ અને આરોગ્યસ્ટાફ મારફતેતમામ બુથ પર બાળકોને પોલિયો રસીના બે ટીપાં પીવડાવી બુથ શરૂ કરવામાં આવ્યા. રાષ્ટ્રીય પલ્સ પોલિયો રાઉન્ડ અંતર્ગત ૦ થી ૫ વર્ષના બાળકોપૈકી માલપુર તાલુકાના કુલ-૧૨૫૧૪ બાળકોને આવરી લેવા હેતુ આજરોજ પ્રથમ દિવસે ૬૧-રસીકરણ બૂથ ખાતે જાહેર સ્થળોએ, બસ સ્ટેન્ડ ખાતે તથા બીજા અને ત્રીજા દિવસે ૨૦૩૩૮થી વધુ ઘરોની ૧૨૨ આરોગ્ય ટીમો ૨૪૪ ટીમના સભ્યો દ્વારા ઘરે-ઘરે, જાહેર સ્થળોએ, બસ સ્ટેન્ડ, ઈંટોના ભઠ્ઠા, ઔધોગીક વસાહતો, કન્સ્ટ્રકશનવિસ્તારો ખાતેસર્વે હાથ ઘરી આજરોજ બાકી રહી જવા પામેલ ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલિયોનીરક્ષિત કરવામાં આવશે. સદર પલ્સ પોલિયો અભિયાન દરમિયાન ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલિયો રસીના બે ટીપા પીવડાવવા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે.

## વલવાડા પ્રા.આ.કેન્દ્ર.ખાતે પલ્સ પોલિયો કાર્યક્રમ યોજ્યો



કમલમ્ન્યુઝ,મયુર પટેલ

૨૩જુન ૨૦૨૪ ના દિવસનારોજ ભારત તેમજ ગુજરાત સરકારના ઈનસેનટીફાઈડપલ્સ પોલિયો કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત પ્રા. આ. કેન્દ્ર વલવાડા ખાતે વલવાડાગામના ઈન્ચાર્જ સરપંચશ્રી શ્રી ગિરીશભાઈ ડી.પટેલ દ્વારા ૦-૫ વર્ષ ના તમામ બાળકોને પોલિયો રસીના બે ટીપાં પીવડાવી કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.જેમાં પ્રા. આ.કેન્દ્ર ના મેડિકલ ઓફીસર ડો. હિમાંશુ બી પટેલ,સુપરવાઈઝર મંગુભાઈ બી. પટેલ ,આરોગ્ય સ્ટાફ ,આશાબેનો,આગણવાડી બેન હાજર રહ્યાહતા.આ કાર્યક્રમમાંવિસ્તારના તેમજ વિસ્તાર બહારના ઈટનાભઠા,રોડ અને મકાન બાંધકામ સાઈટ વગેરેમાંતમામ ૦-૫ વર્ષ ના તમામ બાળકોને પોલિયો રસીના બે ટીપાં પીવડાવીની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## ભેળસેળ વાળું ઘી પકડી પાડતું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર

### ઘી નો અને પામોલીન તેલ નો આશરે ૩૦૦૦ કિગ્રા જથ્થો કે જેની અંદાજીત કિંમત રૂ. ૧૪ લાખ થવા જાય છે તે જપ્ત કરવામાં આવ્યો.



- મે. શિવ ફૂડ પ્રોડક્ટ્સ, નવસારી ખાતે થી ભેળસેળ વાળા ઘી ના કુલ ૮ નમુના લેવામાં આવ્યા.
- તપાસ માં પેઢી દ્વારા ઘી માં પામોલિન તેલ ની ભેળસેળ કરતા હોવાનું જાણવા મળેલ છે.

કમલમ્ ન્યુઝ,

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્યના કમિશનર ડૉ. એચ. જી કોશિયા.

●કમિશનર ડૉ એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોની જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ, સલામત અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં લેભાગુ તત્વો સામે કાયદાકિય કાર્યવાહી કરવામાંઆવે છે.

●ખોરાક અને ઔષધ નિયમનતંત્ર, નવસારીઅને લોકલ ક્રાઈમ બ્રાંચ નવસારી દ્વારા કરવામાં આવેલસંયુક્ત રેડમાં મે. શિવ ફૂડ પ્રોડક્ટ્સ, હાઉસ નંબર-૩૭૫/૫ (શેડ નબર-૫), પ્રોપર્ટી નંબર-૩૮૯, બ્લોક નંબર-૨૨૬, ખાતા નંબર-૨૯૬, ડાન્?ડેશ્વર પાટિયા, બારડોલી રોડ, ગામ-ઓંચી, જિલ્લો-નવસારી ખાતે સુખવંત બ્રાન્ડના ભેળસેળ વાળા ઘીનું ઉત્પાદન અને વેચાણ થાય છે તેવી મળેલ બાતમીના આધારે દરોડો પાડવામાં આવેલ હતો. તપાસમાં સુખવંત બ્રાન્ડનાં ૧૦૦ મિલી, ૫૦૦ મિલી ના પાઉચ તથા ડબ્બા અને ૧૫ કિગ્રા નાડબ્બા નો શંકાસ્પદ જથ્થો પકડી પાડવામાં આવેલ હતો વધુમાં ઝીણવટભરી તપાસ હાથ ધરતા પેઢી માં થી પામોલિન તેલ ના ૧૦ ડબ્બા પણ મળી આવેલહતા જેનોઉપયોગ ઘી માં ભેળસેળ માટે થતો હોવાનું જાણવા મળેલ છે. પેઢીના માલિક શ્રી વિકી રાજેશભાઈ ચોખાવાલા ની હાજરીમાં તેમની પાસેથી કૂલ ૮ નમુના લેવામાં આવેલ જ્યારે બાકીનો આશરે ૩૦૦૦ કિગ્રા જથ્થો કે જેની અંદાજીત કિંમત આશરે રૂ. ૧૪ લાખ થવા જાય છે તે શંકાસ્પદ જથ્થો જાહેર આરોગ્યનાં હિતમાં સ્થળ ઉપર કાયદામુજબ જપ્ત કરવામાં આવેલ છે. લીધેલા તમામ નમૂનાઓ ચકાસણી અર્થેલેબોરેટરીમાં મોકલી આપેલ છે.

●આ ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથક્કરણ અહેવાલ આવ્યાબાદ કાયદેસરની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ બાબતમાં આગળની ઝીણવટ ભરીતપાસ ચાલીરહીછે.

## ડાંગ જિલ્લાનું જળસ્તર સુધારવા માટે નિર્માણાધિન જુદા જુદા વિયરની મુલાકાત લેતા નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ



કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ડાંગ જિલ્લાનું જળસ્તર સુધારવા માટે સતત ચિંતિત રાજ્ય સરકાર દ્વારા, જુદા જુદા વિસ્તારોમાં નિર્માણાધિન વિયરની જાત મુલાકાત લઈ, નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ ઈજારદાર તથા સબંધિત અધિકારીઓની જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિશિષ્ટ ભૂપુસ્ઠ ધરાવતા દુર્ગમ ડાંગ જિલ્લામાં અનરાધાર વરસતા વરસાદી પાણીનો સંગ્રહ કરી, જમીનનું જળસ્તર વધારવાનું ભગીરથ કાર્ય કરી રહેલા નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની વેર-૨ યોજના હેઠળ, ડાંગ જિલ્લામાં ચાલી રહેલા વિયરના કામની ઝંઝાવાતી મુલાકાત લઈ, ડાંગના ધારાસભ્ય વ ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે, ગત સપ્તાહે વાયદુંન વિયરની જાત મુલાકાત લીધી હતી. ત્યાર બાદ તાજેરમાં જિલ્લાના શિવારીમાળ, હુંબાપાડા, અને આંબાપાડા (વઘઈ) ખાતે નિર્માણ પામી રહેલ વિયર (ડેમ) ના કામનું રૂબરૂ સ્થળ નિરીક્ષણ કરી, કામની પ્રગતિની સમિક્ષા કરી, આ તમામ કામો ગુણવત્તાયુક્ત અને સમયસર પૂર્ણ થાય તે માટે એજન્સીઓને જરૂરી સૂચનાઓ આપીહતી. આ વેળાએ તેમની સાથે પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી અને સામાજિક આગેવાન શ્રીસુભાષભાઈ ગાઈન, વઘઈ તાલુકા પંચાયતના સદસ્ય શ્રી બળવંતભાઈ દેશમુખ તેમજ સ્થાનિક સામાજિક આગેવાનો ઉપસ્થિતરહ્યા હતા.ઉલ્લેખનિય છે કે, વેર-૨ યોજના વિભાગ, વ્યારા હસ્તકની ડાંગ જિલ્લામાં બે પેટા વિભાગીય કચેરીઓ આવેલી છે. (૧) જૂજ યોજના નહેર પેટા વિભાગ નં. ૨, આહવા અને (૨) દમણગંગા નહેર પેટા વિભાગ નં. ૩, આહવા છે. સરકારશ્રી દ્વારા આ પેટા કચેરીઓને, ડાંગ જિલ્લામાંથી પસારા થતી પુર્ણા, ગીરા, ખાપરી, અને અંબિકા નદી પર તેમજ તેમની પ્રશાખાઓ ઉપર, નાના-મોટા ચેકડેમો તથા વિયર બાંધવાની કામગીરી સોપવામાં આવી છે. જે મુજબ ડાંગ જિલ્લાના આહવા તાલુકાનાં હુંબાપાડા ગામેથી પસાર થતી અંબિકા નદી પર, હુંબાપાડા-૧ વિયરનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી ચોમાસુ નજીક આવતા હાલ સ્થગિત કરવામાં આવી છે. બાકીની કામગીરી ચોમાસા બાદ શરૂ કરવામાં આવશે. હુંબાપાડા-૧ વિયર અંદાજિત રકમ :- રૂ. ૭ કરોડ ૭૨ લાખ ૧૦ હજાર ૪૦૦ ના ખર્ચે તૈયાર થઈ રહ્યો છે. જેની લંબાઈ ૮૦ મીટર મેઈન બોડીવોલ (૯૫.૨૨ મી. એબટમેંટ અને વધારાની કિ-વોલસાથે), પહોળાઈ ૩૧.૪૬ મીટર (એપ્રોન સાથે), અને ઊંચાઈ ૯ મીટર (એપ્રોનથી ઉપર) નિયત કરવામાં આવી છે. આ વિયરની સંગ્રહ શકિત ૬.૬૪૯૮ એમ.સી.એફ.ટી. છે, અને લાભિત વિસ્તાર આશરે ૫૩.૮૫ હેકટર જેટલો અંદાજવામાં આવ્યો છે. તેજ રીતે ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાનાં શિવારીમાળ ગામેથી પસાર થતી અંબિકા નદી પર શિવારીમાળ-૧ વિયરના બાંધકામનીકામગીરી શરૂ કરવામાંઆવી છે. જેની અંદાજિત રકમ રૂ. ૫ કરોડ ૨૮ લાખ ૧૬ હજાર ૮૦૦ છે.

આ વિયરની લંબાઈ ૭૨ મીટર મેઈન બોડીવોલ (૧૦૧.૬૬ મી. એબટમેંટ અને વધારાની કિ-વોલસાથે), પહોળાઈ ૨૭.૫૮ મીટર (એપ્રોન સાથે), અને ઊંચાઈ ૮.૦૦ મીટર (એપ્રોનથી ઉપર) નિયત કરવામાં આવી છે. જેની જળ સંગ્રહ શક્તિ ૩.૯૫૬૩ એમ.સી.એફ.ટી અને લાભિત વિસ્તાર આશરે ૩૨.૩૯ હેક્ટર જેટલોઅંદાજવામાં આવ્યો છે. આ ઉપરાંત ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાનાં આંબાપાડા ગામેથી પસાર થતી અંબિકા નદી પર આંબાપાડા-૧ ચેકડેમના બાંધકામની કામગીરી પણ શરૂ કરવામા આવી છે. આંબાપાડા-૧ ચેકડેમની અંદાજિત રકમ :- રૂ. ૯૯ લાખ ૯૮ હજાર ૫૦ છે. તેની લંબાઈ ૫૨ મીટર મેઈન બોડીવોલ (૬૨.૦૦ મી. એબટમેંટ અને વધારાની કિ-વોલસાથે), પહોળાઈ ૬.૦ મીટર (એપ્રોન સાથે), અને ઊંચાઈ ૩.૬૦ મી. (એપ્રોનથી ઉપર) નિયત કરવામાં આવી છે. આ વિયરની જળ સંગ્રહ શક્તિ ૧.૯ એમ.સી.એફ.ટી. અને લાભિત વિસ્તાર આશરે ૨૧ હેક્ટર અંદાજવામાં આવ્યો છે. આ સાથે ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાનાં આંબાપાડા ગામેથી પસાર થતી અંબિકા નદી પર આંબાપાડા-૨ ચેકડેમના બાંધકામની કામગીરી પણ શરૂ કરાઈ છે. આંબાપાડા-૨ ચેકડેમની અંદાજિત રકમ રૂ. ૯૯ લાખ ૯૮ હજાર ૩૧૦ છે. જેની લંબાઈ ૬૩.૦૦ મીટર મેઈન બોડીવોલ (૭૩.૦૦મી એબટમેંટ અને વધારાની કિ-વોલ સાથે), પહોળાઈ ૬.૦ મીટર (એપ્રોન સાથે), અને ઊંચાઈ ૩.૧૦ મી. (એપ્રોનથી ઉપર) નિયત કરવામાં આવી છે. જેની જળ સંગ્રહ શક્તિ ૨.૦ એમ.સી.એફ.ટી. અને લાભિત વિસ્તાર આશરે ૨૦ હેક્ટર અંદાજવામાં આવ્યો છે.

# ઉત્તર ગુજરાતમાં સ્ટેટ હાઈવે ૫૫ પર ૩૯૯ કરોડના ખર્ચે બનશે બે નવા બ્રિજ:મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## રાધનપુર-ચાણસ્મા રોડ પર રાધનપુર નજીક બનાસ નદી ઉપર ૧૭૯ કરોડના ખર્ચે ફોર લેન બ્રિજનું નિર્માણ થશે.



- **મહેસાણા-હિંમતનગર રોડ પર સાબરમતી નદી પર દેરોલ ખાતે ૨૨૦ કરોડના ખર્ચે નવો ૬ લેન બ્રિજ બનશે.**
- **વધતા જતા વાહન યાતાયાતને વધુ સુવિધા આપવા, મજબૂત રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણની મુખ્યમંત્રીશ્રીની પ્રતિબદ્ધતા.**
- **જૂના-જર્જરિત પુલોના પુનઃ બાંધકામ - મજબૂતીકરણ અને સ્ટ્રક્ચર્સ મરામતથી રાજ્યમાં રોડ નેટવર્ક સુદ્રઢ કરવા નાણાં ફાળવણી નો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ નો અભિગમ**

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે રાજ્યના રોડ નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સુદ્રઢ અને વાહન યાતાયાત માટે સરળ બનાવવા ઉત્તર ગુજરાતમાં સ્ટેટ હાઈવે ૫૫ પર બે નવા બ્રિજ નિર્માણ માટે રૂ. ૩૯૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં જૂના પુલોના - માર્ગોના પુનઃબાંધકામ, મજબૂતીકરણ અને સ્ટ્રક્ચર્સની મરામત હાથ ધરીને સમયાનુકૂલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે માર્ગ-મકાન વિભાગને દિશા-નિર્દેશો આપેલા છે. તદ્અનુસાર, ઉત્તર ગુજરાતમાં રાધનપુર-ચાણસ્મા રોડ - સ્ટેટ હાઈવે-૫૫ ઉપર રાધનપુર નજીક બનાસ નદી ઉપર રૂ. ૧૭૯ કરોડના અંદાજિત ખર્ચે નવો ફોર લેન બ્રિજ બનાવવા તેમણે સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. ચાણસ્માને સરહદી વિસ્તાર રાધનપુર સાથે જોડતા આ અગત્યના માર્ગ પર ગોચનાદ ગામ નજીક બનાસ નદી પર પુલ હાલ હયાત છે. આ પુલ ૧૯૬૫ના વર્ષમાં એટલે કે ૫૯ વર્ષ પહેલાં નિર્માણ થયેલો છે. આ જૂના પુલનો લાઈફસ્પાન પૂર્ણ થઈ ગયો હોઈ, તેની સામે રોડ સેફટી અને ભવિષ્યના વધતા જતા વાહન ટ્રાફિકને ધ્યાનમાં લઈને નવો ચાર માર્ગીય પુલ બનાવવાની માર્ગ-મકાન વિભાગની દરખાસ્તને મુખ્યમંત્રીશ્રીએ મંજૂરી આપી છે. આ નવો બ્રિજ હયાત પુલની બાજુમાં નિર્માણ પામશે તથા આ બ્રિજ બનતા હાલના ટ્રાફિક ભારણના બોટલનેક નિવારી શકાશે.

અંદાજે ૪૦ લાખ જેટલા લોકોને પરિવહનમાં સરળતા મળતી થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉપરાંત અન્ય એક પુલના ઉત્તર ગુજરાતમાં નિર્માણ માટે પણ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ અંતર્ગત મહેસાણા-હિંમતનગર ફોર લેન સ્ટેટ હાઈવે-૫૫ ઉપર સાબરમતી નદી પર દેરોલ ખાતે રૂ. ૨૨૦ કરોડના અંદાજિત ખર્ચે નવા સિક્સલેન બ્રિજનું બાંધકામ હાથ ધરવામાં આવશે. મહેસાણાને હિંમતનગર સાથે જોડતા આ અગત્યના રસ્તા પર દેરોલ ગામ નજીક સાબરમતી નદી પર અત્યારનો જે બ્રિજ કાર્યરત છે તે ૧૯૬૬માં એટલે કે ૫૮ વર્ષ પહેલાં નિર્માણ થયેલો છે. એટલું જ નહિ, હાલ દ્વિમાર્ગીય બ્રિજ હોવાના પરિણામે ટ્રાફિકજામની વાહન વ્યવહાર પર અસર પડે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ હયાત પુલનો લાઈફ સ્પાન પૂર્ણ થઈ જવા ઉપરાંત રોડ સેફટી અને ટ્રાફિક પરિવહન ધ્યાને રાખીને ૬ માર્ગીય પુલ નિર્માણ માટે અનુમતિ આપી છે. આ પુલનું નિર્માણ થતાં આસપાસના વિસ્તારના અંદાજે ૫૦ લાખ પ્રજાજનોને પરિવહન સરળતા મળશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સુદ્રઢ અને મજબૂત રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે માર્ગ-મકાનના વિભાગને જૂના પુલોના પુનઃબાંધકામ, માર્ગો- પુલો - નાળાઓના મજબૂતીકરણ, સ્ટ્રક્ચર્સ મરામત માટેના કામો માટે ગ્રાન્ટ ફાળવવાનો અભિગમ અપનાવ્યો છે. આ સંદર્ભમાં અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૯ પુલોના પુનઃ બાંધકામ માટે ૧૧૩.૬૪ કરોડ, ૧૨૬ પુલ મજબૂતીકરણ માટે ૧૬૬.૭૭ કરોડ અને ૨૧૮૮ પુલો-નાળા-માર્ગોના સ્ટ્રક્ચર્સની મરામત માટે ૨૩૬૭ કરોડ રૂપિયા ફાળવેલા છે.

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ પર ભારત ઓલિમ્પિક સંશોધન અને શિક્ષણ કેન્દ્ર (બીસીઓઆરઈ)નું ઉદ્ઘાટન કર્યું

કમલમ્ ન્યુઝ,

ભારત-ભારતની અગ્રણી રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ યુનિવર્સિટી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આરઆરયુ) એ ૨૩ જૂન, ૨૦૨૪ નારોજ ઓલિમ્પિક દિવસ ઉજવ્યો હતો, જેમાં ભારત સેન્ટર ઓફ ઓલિમ્પિક રિસર્ચ એન્ડ એજ્યુકેશન (બીસીઓઆરઈ) નું સફળ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સીમાચિહ્ન ઘટનાએ ભારતમાં ઓલિમ્પિક ચળવળને આગળ વધારવા અને ઓલિમ્પિઝમને પ્રોત્સાહન આપવા માટે આરઆરયુના સમર્પણને પ્રકાશિત કર્યું હતું. ગાંધીનગરના લવાડ-દેહગામમાં આરઆરયુ કેમ્પસમાં યોજાયેલા આ ઉદ્ઘાટન સમારોહમાં આઈઓએ, ઓલિમ્પિયન્સ, પેરાલિમ્પિયન્સ અને રાજ્ય પોલીસ અને સુરક્ષા સંસ્થાઓ દ્વારા નામાંકિત વિવિધ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય રમતવીરો સહિત વિવિધ શૈક્ષણિક અને રમતગમત સંઘોના સભ્યો સહિત વિવિધ ઉપસ્થિતોને આકર્ષવામાં આવ્યા હતા. બીસીઓઆરઈનું ઉદ્ઘાટન ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ ડૉ.પીટી ઉષા, ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી અજય પટેલ, આરઆરયુના વાઈસ ચાન્સેલર પ્રોફેસર (ડૉ) બિમલ એન. પટેલ, આરઆરયુના પ્રો વાઈસ ચાન્સેલર પ્રોફેસર (ડૉ) કલપેશ વાન્દ્રા, પેરાલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા ભાવિના પટેલ, આઈઓએના સભ્ય કેપ્ટન અજય નારંગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ભારતીય એથ્લેટિક્સ ફેડરેશનના પ્રમુખ આદિલ સુમરીવાલા અને આઈઓએના ઉપપ્રમુખ ડૉ.ગગન નારંગ અને ઓલિમ્પિયનો સહિતના લોકોએ તેમના વીડિયો સંદેશ સાથે ઉદ્ઘાટન સમારોહને શણગાર્યો હતો. આ સીમાચિહ્ન ઘટનાએ ભારતમાં ઓલિમ્પિક સંશોધન અને શિક્ષણને આગળ વધારવા માટે આરઆરયુના સમર્પણને પ્રકાશિત કર્યું હતું. ઉદ્ઘાટન સમારોહ સવારે ૧૦:૦૦ વાગ્યે ગ્રાન્ડ પોર્ચ, આરઆરયુ ખાતે શરૂ થયો હતો, ત્યારબાદ ફૂલોની શ્રદ્ધાંજલિ અને મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું . ઉદ્ઘાટનની હાઈલાઈટ્સમાં ૧ લી ઓલિમ્પિક રિસર્ચ સેન્ટરનું ઉદ્ઘાટન, પરંપરાગત સમારંભો અને અત્યાધુનિક સુવિધાઓ, ઓલિમ્પિક ઐતિહાસિક આર્કાઈવ્સ, બીકોર લાઈબ્રેરી સંસાધનો અને બીકોરના આગામી સંશોધન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહયોગના માર્ગ નકશાની વિગતવાર રજૂઆત, ત્યારબાદ માનવ પ્રદર્શન લેબ સાધનોનું પ્રદર્શન. રસપ્રદ વાત એ છે કે ડૉ.પી. ટી. ઉષાએ કેટલાક પરીક્ષણ સાધનો પર હાથ મૂક્યો હતો અને કેટલાક એથ્લેટિક ચાલ પણ રજૂ કર્યા હતા જે જૂના મહિમાને યાદ કરે છે. કેન્દ્રની મુલાકાત બાદ, હાજરી આપનારાઓ ઔપચારિક સ્વાગત અને વિશેષ પ્રસ્તુતિઓ માટે સમારંભના મેદાનમાં ભેગા થયા હતા, જેમાં ઓલિમ્પિક શિક્ષણ અને સંશોધનમાં આરઆરયુ અને બીસીઓઆરઈના નોંધપાત્ર યોગદાનને દર્શાવતા વિડિઓઝનો સમાવેશ થાય છે. આરઆરયુના માનનીય ઉપાધ્યક્ષે પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું, જેમાં ૪૦ વર્ષ પહેલાં ૪૦૦ મીટર હર્ડલની શરૂઆતથી લઈને કેન્દ્ર દ્વારા ભારતની ઓલિમ્પિક યાત્રાને સળગાવવા માટે આરઆરયુમાં સમર્પિત કેન્દ્રની સ્થાપના સુધીની યાત્રાને પ્રકાશિત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આરઆરયુ રમતગમતને માત્ર સ્પર્ધા તરીકે જ નહીં પરંતુ સામાજિક પરિવર્તન અને વિકાસ માટે ઉત્પ્રેરક તરીકે જુએ છે, વૈશ્વિક સ્તરે પ્રતિભા પોસ્ટ કરવા અને મુખ્ય કાર્યક્રમોનું આયોજન કરવા માટે આરઆરયુની પ્રતિબદ્ધતાની જાહેરાત કરી હતી.

ત્યારબાદ પ્રતિષ્ઠિત મહેમાનોના મુખ્ય ભાષણો થયા. શ્રી અજય પટેલે રમતવીરોને પ્રારંભિક લાભ આપવા અને ભવિષ્યની પેઢીઓને પ્રેરણા આપવાની પહેલ સાથે પ્રતિભાને પોષવા માટેનું વાતાવરણ બનાવવા માટે આરઆરયુના દ્રષ્ટિકોણ પર પ્રકાશ પાડ્યો હતો. ડૉ. પી. ટી. ઉષાએ જણાવ્યું હતું કે બીસીઓઆર જ્ઞાન અને ડેટાના ભંડાર તરીકે સેવા આપશે, ખાતરી કરશે કે જે અવરોધોનો સામનો કરવો પડ્યો છે તે વર્તમાન અને ભાવિ એથ્લેટ્સ દ્વારા સામનો કરવામાં આવશે નહીં, આમ રમતગમતમાં ઉજ્જ્વળ ભવિષ્યનો માર્ગ મોકળો કરશે. આ ઈવેન્ટમાં એથ્લેટ્સ, વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત લોકો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાને પણ સરળ બનાવવામાં આવી હતી, જેમાં વિચારો અને આંતરદૃષ્ટિના ગતિશીલ આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું, જ્યાં ડૉ. ઉષાએ સૂચવ્યું હતું કે બીસીઓઆરઈ ઓલિમ્પિક સંશોધનને લક્ષ્ય બનાવવું જોઈએ, કારણ કે તે એક ક્ષેત્ર છે જ્યાં દેશને વેગ આપવાની જરૂર છે. બીસીઓઆરઈનું ઉદ્ઘાટન બહુ-શિસ્ત સંશોધન, શિક્ષણ અને તાલીમ દ્વારા ઓલિમ્પિઝમ શીખવા, શિક્ષિત કરવા અને પ્રસારિત કરવા (લીડ) માટે આરઆરયુની અચૂક પ્રતિબદ્ધતામાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે. આ પહેલ સમગ્ર ભારતમાં ઓલિમ્પિક્સમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે. આ દેશ માટે ગૌરવની ક્ષણ છે, કારણ કે બીસીઓઆરઈ ભારત અને દક્ષિણ એશિયામાં તેના પ્રકારનું પ્રથમ અને વિશ્વનું ૭૧મું કેન્દ્ર છે. આ અગ્રણી સંશોધન આધારિત કેન્દ્ર ભવિષ્યમાં મહત્વની ભૂમિકા ભજવશે, ખાસ કરીને ભારત ૨૦૩૬માં ઓલિમ્પિકનું આયોજન કરવા માટે તૈયાર છે. બીસીઓઆરઈની સ્થાપના માત્ર ભારત માટે નોંધપાત્ર છલાંગ નથી પરંતુ સમગ્ર પ્રદેશ માટે પ્રેરણાનો દીવાદાંડી છે. એથ્લેટિક પ્રદર્શનના ઉચ્ચતમ સ્તરને પ્રોત્સાહન આપતી ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપીને, કેન્દ્રનો હેતુ સમગ્ર દેશમાં સંશોધકો, વિદ્વાનો, કોચ અને ઓલિમ્પિક ઉત્સાહીઓની ક્ષમતાઓને ટેકો અને વધારવાનો છે. તેની અસર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર પડઘો પાડવાની અપેક્ષા છે, જે રમતગમતની શ્રેષ્ઠતા અને નવીનતાની સંસ્કૃતિને આગળ ધપાવશે. ૨૦૩૬ ઓલિમ્પિક્સની અપેક્ષામાં, ભારત અને તેના પડોશી દેશોની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવામાં બીસીઓઆરઈ નિર્ણાયક રહેશે. અદ્યતન સંશોધન અને તાલીમ આપીને, કેન્દ્ર એથ્લેટ્સને ઉચ્ચતમ સ્તરે સ્પર્ધા કરવા માટે જરૂરી કુશળતા અને જ્ઞાનથી સજ્જ કરશે. આ પ્રયાસથી



વૈશ્વિક રમતગમતના ક્ષેત્રમાં ભારતની વધતી જતી પ્રસિદ્ધિને જ નહીં પરંતુ ઓલિમ્પિકમાં પ્રાદેશિક સહયોગ અને ભાગીદારીને પણ મજબૂત બનાવવામાં આવશે. ઓલિમ્પિક સંશોધન અને શિક્ષણ માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે, બીસીઓઆરઈ શ્રેષ્ઠતાના નવા ધોરણોને ચલાવશે, ભાવિ પેઢીઓને પ્રેરણા આપશે અને વૈશ્વિક ઓલિમ્પિક ચળવળમાં નોંધપાત્ર યોગદાન આપશે. સારમાં, બીકોર ભારત અને દક્ષિણ એશિયામાં ઓલિમ્પિઝમના નવા યુગનું પ્રતીક છે. તે ઓલિમ્પિક્સની વિકસતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે મલ્ટી પરિપ્રેક્ષ્ય લેન્સ સાથે ઓલિમ્પિક્સને જોવાની પેઢીઓને આકાંક્ષા કરશે. આરઆરયુ અને બીસીઓઆરઈના વતી બીસીઓઆરઈના ડિરેક્ટર ડૉ.ઉત્સવ ચાવરે ઓલિમ્પિક્સ, આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ, ઓલિમ્પિક અભ્યાસ કેન્દ્રો જૂથો અને શ્રીમતી નરેન્દ્ર મોદીની ઓલિમ્પિક્સની શોધ માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. નીતા અંબાણીએ ભારતમાં ઓલિમ્પિક પહેલ માટે ભારતીય ઓલિમ્પિક યાત્રાને પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે આ કાર્યક્રમમાં હાજર મહાનુભાવોને તેમના ઉદાર સમય માટે અને ભારતીય ઓલિમ્પિક ચળવળને ખીલવા માટે આરઆરયુ દ્વારા બીસીઓઆરઈના રૂપમાં લેવામાં આવેલી પહેલોને પ્રોત્સાહન આપવા માટે દયાળુ સંદેશાઓ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આરઆરયુ) વિશે:

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ભારતની સંસદના અધિનિયમ નંબર ૩૧ ૨૦૨૦ હેઠળ સ્થાપિત, રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ શિક્ષણ માટે સમર્પિત એક અગ્રણી સંસ્થા છે. ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય મહત્વની સંસ્થા તરીકે માન્યતા પ્રાપ્ત, તેનું મિશન એક સંપૂર્ણ શૈક્ષણિક-સંશોધન-તાલીમ વાતાવરણની ખેતી કરવાનું છે. વ્યાવસાયિક શ્રેષ્ઠતા પર ધ્યાન કેન્દ્રિત કરીને, યુનિવર્સિટી નાગરિક અને સુરક્ષા બંને પૃષ્ઠભૂમિમાંથી લાયક ફેકલ્ટીના કેડર ધરાવે છે. બૌદ્ધિક ઉત્તેજના, શિસ્તબદ્ધ વ્યાવસાયીકરણ અને વૈશ્વિક નેટવર્કિંગને પ્રોત્સાહન આપીને, તેનો હેતુ શિક્ષણ, સંશોધન અને તાલીમ દ્વારા સમકાલીન અને ભાવિ સુરક્ષા પડકારોને સંબોધવાનો છે. આખરે, રાષ્ટ્રિય રક્ષા યુનિવર્સિટી શાંતિપૂર્ણ, સમૃદ્ધ અને સ્થિર વિશ્વની ભારતની દ્રષ્ટિમાં યોગદાન આપવાની ઈચ્છા ધરાવે છે, સમાન વિચારધારા ધરાવતા રાષ્ટ્રો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપે છે જ્યારે આંતરિક સુરક્ષા અધિકારીઓ, લશ્કરી કર્મચારીઓ, રાજદ્વારીઓ, સિવિલ સેવકો અને નાગરિકો વચ્ચે સમજણ અને સહયોગને વધારે છે.

ભારત સેન્ટર ઓફ ઓલિમ્પિક રિસર્ચ એન્ડ એજ્યુકેશન (બીસીઓઆરઈ):

ભારતની રાષ્ટ્રિય રક્ષા યુનિવર્સિટીમાં ભારત ઓલિમ્પિક સંશોધન અને શિક્ષણ કેન્દ્ર (બીસીઓઆરઈ) ને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (આઈઓસી) દ્વારા ઓલિમ્પિક મૂલ્યોને પ્રોત્સાહન આપતા શૈક્ષણિક કેન્દ્ર તરીકે સત્તાવાર માન્યતા પ્રાપ્ત થઈ છે. તે હવે ઓલિમ્પિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ સેન્ટર્સ (ઓએસઆરસી) નેટવર્કમાં કાર્યરત છે, જેમાં વૈશ્વિક સ્તરે ઓલિમ્પિક સ્ટડીઝ અને સંશોધન માટે સમર્પિત ૭૦થી વધુ શૈક્ષણિક કેન્દ્રોનો સમાવેશ થાય છે. બીસીઓઆરઈ ભારત અને દક્ષિણ એશિયાના એકમાત્ર ઓલિમ્પિક શૈક્ષણિક કેન્દ્ર છે. બીસીઓઆરઈ રમતગમતની તાલીમ અને પ્રદર્શનથી આગળ મલ્ટિડિસિપ્લિનરી સંશોધન દ્વારા ભારતમાં ઓલિમ્પિઝમ અને ઓલિમ્પિક ચળવળને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. ઓલિમ્પિક પેનોરમા રિસર્ચ એન્ડ એજ્યુકેશન પ્રોગ્રામનો ઉદ્દેશ વિવિધ શાખાઓના વિદ્વાનો અને સંશોધકોને સંશોધન દિશા વિકસાવવા અને પ્રદાન કરવાનો છે જેથી તેઓ બળમાં જોડાઈ શકે અને તેમના ક્ષેત્રમાં ઓલિમ્પિક સંબંધિત સંશોધનનું ઉત્પાદન કરી શકે.




કમલમ્ ન્યુઝ,

ભારતીય જનતાપાર્ટી સિધ્ધપુર દ્વારા આયોજીત પ્રખર રાષ્ટ્રવાદી અને ભારતીય જન સંઘના સ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના સ્મૃતિ દિવસ (બલિદાન દિવસ) નિમિત્તે પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ માનનીય કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત સાહેબની અધ્યક્ષતામાં યોજાયો. સાહેબશ્રીએ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના ફોટોને તેઓની પુણ્યતિથિ નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરી નમન કર્યા હતા. આ પ્રસંગે પ્રદેશ મંત્રી શ્રી જયશ્રીબેન દેસાઈ, શ્રી જસુભાઈ પટેલ ઉપપ્રમુખ જિલ્લા ભાજપ, સિદ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખ શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી શંભુભાઈ દેસાઇ , શ્રી વિષ્ણુભાઈ પટેલ એપીએમસિ ચેરમેન, શ્રીમતી અનિતાબેન પટેલ નગરપાલિકા પ્રમુખ, શ્રી જયેશભાઈ પંડ્યા શહેર ભાજપ પ્રમુખ, શ્રી દિલીપજી ઠાકોર (તા.પ.), શ્રી રણજીતસિહ સોલંકી, શ્રી દશરથભાઈ પટેલ શહેર ભાજપ મહામંત્રી , શ્રી મનીષભાઈ આચાર્ય, શ્રી રશ્મિનભાઈ દવે, શ્રી નિરંજન ઠાકર, શ્રી જગદીશભાઈ પટેલ, કોર્પોરેટર શ્રીઓ, સંગઠનના હોદેદારો શ્રીઓ, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

સિધ્ધપુર તાલુકાના ઉમરૂ ગામ ખાતે શ્રી સિકોતર માતાજી તથા ખંભાલય માતાજીના નવચંડીયજ્ઞ પ્રસંગે માનનીય કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત સાહેબે હાજરી આપી. સાહેબશ્રી એ માતાજીના દર્શન અને હવન પૂજા, આરતી નો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે રાવલ જ્ઞાનેશ્વરભાઈ નર્મદાશંકર અને રાવલ હર્ષદભાઈ નર્મદાશંકર તેમજ પરિવારજનોને શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે શ્રી શંભુભાઈ દેસાઇ, શ્રી જસુભાઈ પટેલ ઉપપ્રમુખ જિલ્લા ભાજપ, સિદ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખ શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી વિષ્ણુભાઈ પટેલ એપીએમસિ ચેરમેન, શ્રી દિલીપજી ઠાકોર (તા.પ.), શ્રી પ્રહેલાદભાઈ પટેલ, શ્રી અભેસિંહ ઠાકોર વિપક્ષના નેતા (તા.પ.) તેમજ ઉમરૂ ગામના ધર્મપ્રેમી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

સિધ્ધપુરની જનતાની આરોગ્ય સુવિધાઓમાં એક નવું સોપાન એવી "બાલાજી હોસ્પિટલ" ના શુભારંભ પ્રસંગે માનનીય કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત સાહેબએ કાર્યક્રમમાં હાજરી આપી. સાહેબશ્રીએ બાલાજી હોસ્પિટલની સમગ્ર ડોક્ટર ટિમને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે શ્રી શંભુભાઈ દેસાઇ, શ્રી જસુભાઈ પટેલ ઉપપ્રમુખ જિલ્લા ભાજપ, સિદ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખ શ્રી વિક્રમસિંહ ઠાકોર, , શ્રી વિષ્ણુભાઈ પટેલ એપીએમસિ ચેરમેન, શ્રીમતી અનિતાબેન પટેલ નગરપાલિકા પ્રમુખ, શ્રી જયેશભાઈ પંડ્યા શહેર ભાજપ પ્રમુખ, શ્રી દિલીપજી ઠાકોર (તા.પ.), શ્રી રણજીતસિહ સોલંકી, શ્રી ફલજીભાઈ ચોધરી , શ્રી મનીષભાઈ આચાર્ય, શ્રી રશ્મિનભાઈ દવે, બાલાજી હોસ્પિટલ પરિવારના સભ્યો અને ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028